ગુજરાતનો મહાસંગ્રામ 2012

૩૮-કલોલ વિધાનસભા
કોંગ્રેસના ઉમેદવાર

ઠાકોર બળદેવજી ચંદુજી

પ્રજાકીય પ્રશ્નોના ઉકેલ માટે સતત ઝઝુમતા અદના કાર્યકર

મહેસાણાના ઝાલોડા ગામના અને સેક્ટર-૬-સી પ્લોટ નં. ૯૦૮ માં વસવાટ કરતા ઠાકોર બળદેવજી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અદના કાર્યકર છે અને જાહેર ક્ષેત્રે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા જીવંત લોકસંપર્ક જાળવી શક્યા છે. યુવા પ્રવૃત્તિઓની વાત હોય, સહકારી ક્ષેત્ર કે ધાર્મિક ક્ષેત્ર હોય કે પોતાના સમાજની કેળવણી વિષયક પ્રવૃત્તિઓ હોય, બળદેવજી હંમેશા અંગ્રેસર રહ્યા છે. તેમણે કડી વિધાનસભાના ધારાસભ્ય તરીકે ૨૦૦૨માં પ્રતિનિધિત્વ કરેલ અને ગ્રામ્ય સુધારણા, પાણીની સમસ્યા તથા ગટર લાઈનના પ્રશ્નો ઉકેલવામાં સતત પ્રયત્નશીલ રહી અદમ્ય લોકચાહના પ્રાપ્ત કરી શક્યા હતા જેની કદર રૂપે પક્ષ તરફથી કલોલ વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટણી લડવા આદેશ મળ્યો છે. તેઓ મહેસાણા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે, કડી તાલુકા યુવક કોંગ્રેસના ઉપપ્રમુખ તરીકે, ઝાલોડા ગ્રામ પંચાયતના બિન હરીફ સરપંચ તરીકે, કડી તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે તથા ગુજરાત રાજ્ય પંચાયત પરિષદના સભ્ય તરીકે તેમજ ગુજરાત વિધાનસભા નાણાંકીય પંચાયત રાજ સમિતિના સભ્ય તરીકે પાંચ વર્ષ સેવાઓ આપી છે.



ઉપરાંત ભારત સરકારની ઓ.એન.જી.સી. હાઈ પાવર કમિટિના સભ્ય તરીકે પણ નિમણુંક પામ્યા છે. ઠાકોર સમાજમાં પણ તેમની વિશિષ્ઠ કામગીરી રહી છે કડી તાલુકા ઠાકોર સમાજ સુધારક મંડળના સભ્ય તરીકે અને સમાજના સમુહલગ્ન સમિતિના કન્વીનર તરીકે સતત ૧૪ વર્ષ સેવાઓ આપી કાર્યરત રહ્યા છે. સહકારી મંડળીઓનાં પણ તેમની પ્રસંશનીય કામગીરી રહી છે. દૂધ ઉત્પાદક સહકારી મંડળી હોય કે સેવા સહકારી મંડળી હોય તેમની સેવાકીય પ્રવૃત્તિઓની હંમેશા કદર કરવામાં આવી છે. વ્યવસાયે ખેડૂત હોઈ ખેડૂતોના પ્રશ્નો હલ કરવા માટે પણ આગવી સુઝ ધરાવે છે. ગરીબ અને મધ્યમવર્ગને મુંઝવતા પ્રશ્નોના ઉકેલ માટે સંઘર્ષ કરવો તેમના માટે સહજ છે. કોઈ પણ સમસ્યાના ઉકેલ માટે પરીણામલક્ષી આયોજન અને સંઘર્ષ માટે તેઓ હંમેશા તત્પર રહ્યા છે. તેમનો અભ્યાસ બી.કોમ. સુધીનો છે.

આજે માણસા અને કલોલમાં નરેન્દ્ર મોદીની જાહેરસભા

બનાસકાંઠાથી ચૂંટણી પ્રચારનો પ્રારંભ : અમદાવાદમાં છેલ્લી જાહેરસભા : આહવા ખાતે સવારે ૯ વાગ્યે સભા

અમદાવાદ, તા. ૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને નરેન્દ્ર મોદી આક્રમક ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. જેના ભાગરૂપે આવતીકાલે મુખ્યમંત્રી આઠ જાહેરસભાને સંબોધનાર છે. છેલ્લે આઠ વાગ્યે માણસામાં જાહેર સભાને સંબોધશે. આ અંગેની માહિતી ભાજપ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ગુજરાતમાં ૧૩ ડિસેમ્બર અને ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનારી ગુજરાત વિધાનસભા ચૂંટણીના ઉમેદવારોના પ્રચારાર્થે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ૮ ડિસેમ્બરના રોજ ગુજરાતમાં વિવિધ સ્થાનો પર ૮ જાહેરસભાને સંબોધન કરશે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ૮ ડિસેમ્બરના રોજના ચૂંટણી પ્રચાર કાર્યક્રમની વિગતો આપતા ભાજપાના મીડીયા ઈન્ચાર્જ ડો. જગદીશ ભાવસારે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સવારે ૯.૦૦ કલાકે રંગઉપવન, આહવા, ડાંગ ખાતે જાહેરસભાને સંબોધી પોતાના ઝંઝાવાતી ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરશે.

આહવાથી જાહેરસભા સંબોધી મુખ્યમંત્રી મોદી ૧૦.૧૫ કલાકે વાંસદા, ડાંગ જિલ્લામાં, બપોરે ૧૧.૩૦ કલાકે વાપીમાં જાહેરસભા સંબોધશે. બપોરે ૧.૧૫ કલાકે પંચમુખા હનુમાન, ગારીયાધાર ખાતે બપોરે ૨.૩૦ કલાકે ખરીદ-વેચાણ સંઘ, તલાલા ખાતે, ૪.૦૦ કલાકે માર્કેટયાર્ડ લાલપુર ખાતે જાહેરસભાને સંબોધશે. ભાજપાના મીડીયા ઈન્ચાર્ડ ડો. જગદીશ ભાવસારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના પ્રચાર કાર્યક્રમની વિગતોમાં વધુમાં જણાવ્યું છે કે ૮ ડિસેમ્બરના ચૂંટણી પ્રચાર કાર્યક્રમના અંતમાં મુખ્યમંત્રી ગાંધીનગર જીલ્લામાં સાંજે ૭.૦૦ કલાકે કલોલ અને ૮.૦૦ કલાકે માણસા ખાતે જાહેરસભાને સંબોધશે.

સુષ્મા બે અને સ્મૃતિ ઈરાની આજે નવ સભાને સંબોધશે

અમદાવાદ, તા. ૭

ભાજપાના ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ઉમેદવારોના ચૂંટણી પ્રચારાર્થે ભાજપાના રાષ્ટ્રીય નેતા અને લોકસભાના વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજ ૮ ડિસેમ્બરના રોજ ગુજરાતના એક દિવસીય ચૂંટણી પ્રવાસે આવી બે જાહેરસભાઓને સંબોધશે.

બીજીબાજુ સ્મૃતિ ઈરાની પણ આવતીકાલે આઠમી ડિસેમ્બરના દિવસે નવ સ્થાનો પર જાહેર સભાને સંબોધન કરી મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસ કરશે. સુષ્મા સ્વરાજ બપોરે ૩.૩૦ કલાકે અમૃત પ્લોટ, ગુરુકુલ સ્કુલ નજીક, ઊંઝા રોડ, વિસનગર ખાતે જાહેરસભાને સંબોધશે. રાત્રે ૮.૦૦ કલાકે જનતાનગર કોમન પ્લોટ, સાબરમતી-મહેસાણા હાઈવે ચાંદખેડા ખાતે જાહેરસભા સંબોધી મોડી રાત્રે દિલ્હી જવા રવાના થશે. દરમિયાન ગુજરાતમાં ભાજપના ઉમેદવારોના ચૂંટણી પ્રચારાર્થે રાજ્યભરમાં અનેક સ્થાનો પર ભાજપા તરફી કમળલહેર ઉભી કરવા ભ્રમણ કરી રહેલા ભાજપા મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષા અને ગુજરાતના રાજ્યસભાના સાંસદ સ્મૃતિ ઈરાની ૮ ડિસેમ્બરના રોજ ૯ સ્થાનો પર જાહેરસભાઓને સંબોધન કરી જનતા જનાર્દનને વિકાસને અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વને સમર્થન આપવા હાકલ કરશે. સ્મૃતિ ઈરાની ૮ ડિસેમ્બરના રોજ ચૂંટણી પ્રચારનો પ્રારંભ સવાર વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે સવારે ૮.૩૦ કલાકે, ૯.૪૫ કલાકે મોગરાવાડી વલસાડ ખાતે ૧૧.૦૦ કલાકે પાનવાડી ગામ વ્યારા ખાતે, ૧૨.૧૫ કલાકે પેથા ગ્રાઉન્ડ ડેડીયાપાડા ખાતે જાહેરસભા સંબોધશે.

આજે કલોલમાં સુચીતા મહિલા સંમેલનમાં આવશે

ભાજપાના ગુજરાત પ્રદેશ મહિલા મોરચાના પ્રમુખ તેમજ મહેસાણાના સાંસદ શ્રીમતી જયશ્રીબેન પટેલ અને ટીવી કલાકાર શ્રીમતી સુચીતા ત્રિવેદી કલોલ કે.આઈ.આર.સી. કોલેજ, સીંદબાદ હોટલ, કલોલ ખાતે બપોરે ૩.૦૦ કલાકે મહિલા સંમેલનમાં હાજરી આપી સંબોધન કરશે.

આજે રૂપાલાજી ઉત્તર ગુજરાતમાં

અમદાવાદ, તા. ૭

ભાજપાના ઉમેદવારોના ચૂંટણી પ્રચારાર્થે ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરષોત્તમ રૂપાલા ૮ ડિસેમ્બરના રોજ ગુજરાતમાં ૬ જાહેરસભા સંબોધશે. બનાસકાંઠા જીલ્લાના ઢીમા ખાતે સવારે ૧૦.૦૦ કલાકે જાહેરસભા સંબોધી તેઓ ઝંઝાવાતી ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરશે. રૂપાલાજી બપોરે ૧૨.૦૦ કલાકે સમાઉ, કાંકરેજ વિધાનસભા, ૨.૧૫ કલાકે પાટણ જીલ્લાના બાલીસણા ખાતે ૪.૦૦ કલાકે મહેસાણા જીલ્લાના કહોડા ખાતે, સાંજે ૫.૦૦ કલાકે પાટણ જીલ્લાના બીલીયા ખાતે સભાને સંબોધન કરશે. રૂપાલાજી ૮ ડિસેમ્બરના રોજ મહેસાણા શહેરમાં વિવેકાનંદ ચોક ખાતે સાંજે ૭.૦૦ કલાકે જાહેરસભા સંબોધી ગાંધીનગર પરત ફરશે.

વટવામાં ભાજપની જાહેર સભામાં ઉમા ભારતી ઉપસ્થિત રહ્યા હતા.

ભામાનું ઘર કેટલે ?

નરહરિ અમીન આવ્યા પણ 'વીએચપી' ગઈ એનું શું ?

ચૂંટણી ચક્રવ્યૂહ

- યુયુત્સુ દેસાઈ

વધુ સારો ચારો મળશે એવી આશાએ - દરિયામાં પડી રહી કંટાળેલું વધુ સારો ચારો મળશે એવી આશાએ કદાવર માછલું આંધળુકિયાં કરી માછી મારની જાળ ભણી દોટ મૂકે એમ ગુજરાત કોંગ્રેસના 'વજનદાર' નેતા નરહરિ અમીન છેવટે સામે ચાલીને, વાજતે ગાજતે નરેન્દ્ર મોદીનો શિકાર બની ગયા છે. નરેન્દ્ર મોદી માટે આ છે ક ૨૦૧૪ સુધી ખાધો ન ખૂટે એવો માલમલીદો છે, પરંતુ નરહરિને તો હાલ પૂરતો ગુજરાત ક્રિકેટ મંડળના ઉપાધ્યક્ષથી મોટો હોદ્દો મળવાની સંભાવના નથી. કાળક્રમે નરહરિ માટે આ માટેનો સોરો પુરવાર થવાનો છે. નરહરિ અમીન ઘણા મહત્વા કાંક્ષી નેતા છે. એમની નજર તો ગુજરાતના મુખ્યમંત્રીની ખુરશી ભણી જ મંડાયેલી રહ્યા કરી છે. ચીમનભાઈ પટેલ જેવા કુનેહબાજ પાટીદારનો રાજકીય વારસો ઓળવી લેવાનાં એમનાં હવાતિયાં નિષ્ફળ ગયાં છે. ઉર્મિલાબેન પટેલ અને સિદ્ધાર્થઇ ચીમનભાઈ પટેલે નરહરિ અમીનથી સલામત છેટું જાળવી કોંગ્રેસમાં સદ્ગત મુખ્યમંત્રીના વારસદાર તરીકે અધિકૃત નોંધણી કરાવી દીધી હતી અને સિદ્ધાર્થ પટેલે ડભોઈનો કિલ્લો જીતી લાવી પોતાની યોગ્યતા પુરવાર પણ કરી હતી. રાજકારણમાં સૌથી મહત્વનો મુદ્દો છે 'વિજય ક્ષમતા' આપ્યું છે- 'વિનેબિલિટી' કેપિસિટી ઍન્ડ ઍબિલિટી ટુ વિન. નરહરિ અમીન આ મુદ્દે હર હંમેશ કમનસીબ સાબિત થયા છે. એમનો જે કંઈ પ્રભાવ છે તે ગુજરાત યુનિવર્સિટીની સેનેટમાં સમેટાઈ ગયો છે. કાં તો ક્રિકેટના મેદાનમાં રગદોળાઈ ગયો છે. તેઓ ક્યારેય પ્રજાના નેતા તરીકે ઊપસી શક્યા નથી. વ્યૂહરચનાકાર તરીકે થોડી નામના

મેળવી હતી એ પણ એમના આ આત્મઘાતી પગલાં પછી રોળાઈ જવા પામી છે. પોતે જ ભાજપના મહારથીઓ સામે ઝીંક ઝીલી શકે એવા ભાજપના કાર્યકરોને કોંગ્રેસમાં લઈ આવ્યા અને એમને કોંગ્રેસી ટિકિટો પણ અપાવડાવી. હવે એ પંજાના નિશાન પર ચૂંટણી લડતા અમીન પ્રેરિત આયાતી ઉમેદવારોનું રણીધણી કોણ? સુકાની જાતે જ નાવડું મધદરિયે તરતું મૂકીને ફૂટી પડ્યો છએ, ત્યાં એમને કોણ ઉગારવાનું? નરહરિ અમીનનું આ પગલું નર્યું સ્વાર્થ કેન્દ્રી પગલું છે અને એમનામાં વિશ્વાસ મુકી માતૃસંસ્થા છોડી કોંગ્રેસનો ખેસ ધારણ કરનારા એક વખતના એમના જ હરીફ- નરહરિ અમીનને ધોબી પછાડ આપનાર ડૉ. જિતુ પટેલ જેવા અગ્રણીઓ સાથે અમીને ક્યારેય માફ ન કરી શકાય એવો ભયંકર વિશ્વાસઘાત કર્યો છે. જિતુ પટેલ અને નરહરિ પ્રેરીત બીજા ત્રણેક ઉમેદવારોએ પોતાની તાકાત પર ચૂંટણી લડી લેવાનો નિરધાર કર્યો છે. હાર કે જીત તો નસીબના હાથની વાત છે, પરંતુ જિંદગીમાં ફરી ક્યારેય કોઈ નરહરિ અમીનમાં વિશઅવાસ નહીં મૂકે એટલું નક્કી નરહરિની સાથે વિદ્રોહના પહેલા ચરણમાં ખભેખભા મિલાવનારા મોટા ભાગના જાણીતા આગેવાનોએ ભાજપમાં જોડાવાનું પસંદ નથી કર્યું, તે શું સૂચક નથી? આ મુદ્દે નરહરિ અમીન એમના રાજકીય ગુરુ ચીમનભાઈ પટેલથી એકદમ સામા છેડાના પુરવાર થયા છે. ચીમનભાઈ એકવાર જેનો હાથ પકડે એનો સાથ જીવનભર નિભાવી જાણનારા મર્દ હતા. એમની એ મર્દાગીને લીધે જ ગુજરાતમાં સોળ વરસના વનવાસ પછી પણ એ ફરીવાર સત્તા સ્થાને પહોંચવામાં સફળ થયા હતા. વળી ચીમનભાઈ પટેલનું કદ રાજકારણમાં એટલું મોટું હતું કે એ પક્ષપલટો કરીને સામા પક્ષમાં જાય તો ત્યાં પણ સીધા નંબર વનની જગ્યાએ બેસી જતા હતા. ગુજરાતમાં કોંગ્રેસની વિરુદ્ધ વર્ષો સુધી ઝીંક ઝીલ્યાં પછી જ્યારે નરસિંહરાવના જમાનામાં તેઓ કોંગ્રેસમાં પ્રવેશ્યા ત્યારે માધવસિંહ સોલંકી સહિત અનેક મૂળ કોંગ્રેસી નેતાઓએ એમનો પ્રવેશ અટકાવવા અને એ પછી એમને કદ મુજબ વેતરી નાખવાના કારસા કર્યા હતા પરંતુ ચીમન પટેલ જેનું નામ. એમણે કોઈની સામે ક્યારેય નમતું નહોતું જોખ્યું. એ જીવ્યા પણ શાન થી અને મર્યા પણ એટલા જ વટપૂર્વક.

નરહરિ અમીન માટે હવે નરેન્દ્ર મોદીના વફાદાર સાથી તરીકેની જગ્યા પર ગોઠવાઈ જવાની તક જરૂર ઊભી થઈ છે. જો કે એમાં પણ પેલા જૂના ભાજપી નેતાઓની સાથે સ્પર્ધા તો રહેશે જ. મોદી અમેરિકાનો વિઝા ભલે ન મેળવી શક્યા હોય પરંતુ અમેરિકાની યુઝ ઍન્ડ થ્રો વાપરો અને ફેંકી દો વાળી કૂટનીતિમાં પારંગત છે. નરહરિ અમીન હાલ પૂરતો તો મેળવી શકશે ખરા તે પ્રશ્ન છે.

નંબર- વન તો ક્યારનોય રિઝર્વ્ડ થઈ ચૂક્યો છે, અને નંબર - ટુ માટે ત્રણ-ચાર મોદી વફાદારો વચ્ચે ગળાકાપ હરીફાઈ ચાલતી રહી છે. એ પૈકી બે તો નરહરિ અમીનના કોંગ્રેસી ઉમેદવારો સામે જ ચૂંટણી લડી રહ્યાં છે : આનંદીબહેન પટેલ અને અમિત શાહ! નરહરિ અમીનના પક્ષ પલટા વિશે કોંગ્રેસી આગેવાનોએ મૌન ધારણ કરી એમને રક્ષણાત્મક પરિસ્થિતિમાં મુકી દીધા છે. પ્રજા પણ બરાબર સમજે છે કે નરહરિ અમીનને કોંગ્રેસના હાઈકમાંડે એનાં નિર્ધારિત કાઈટેરીયામાં બંધ બેસતાં નહીં હોવાને કારણે જ ટિકીટ નથી આપી. એમને માનભેર ચૂંટણી સમિતીના સભ્ય અને પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ તરીકેની જવાબદારી સોંપાયેલી જ હતી. પક્ષ સારો દેખાવ કરી શકે તો એમને ભવિષ્યમાં એમની કામગીરીનું વળતર મળવાનું જ હતું. પરંતુ નરહરિ અમીનને તો બધાં ધારાધોરણ કોરાણે મુકી પાર્ટી ગાંધીનગર (દક્ષિણ)ની

બેઠક ફાળવે, એ જ જોઈતું હતું. કોંગ્રેસ સત્તા પર આવે તો તેઓ પોતાની જાતને સીધા જ મુખ્યમંત્રી પદના દાવેદાર ગણાવવાની પેરવી શરૂ કરી દેવાના હતા. હવે એ સપનું રોળાઈ ગયું છે. બળવો શમાવવા કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ નરહરિ અમીનને રાજ્યસભા સહિતની અનેક 'લાલચો' આપી પરંતુ એ ન માન્યા અને નરેન્દ્ર મોદી નામના હજાર વોટના દીવાથી અંજાઈને પતંગિયાની જેમ એની તરફ ખેંચાઈ ગયા. હવે એ કેટલાક સલામત રહેશે એ તો સમય જ કહેશે. નરેન્દ્રભાઈ વિરૂધ્ધ છેલ્લામાં છેલ્લી કક્ષાનાં આરોપનામાં રજૂ કરી દીધા પછી હવે એમને થૂંકેલું ચાટવા વારો આવ્યો છે, હવે એમને પણ નવા મૂંડાયેલા મુસલમાનની જેમ નવેસરથી એકડો ઘૂંટવો પડશે, વધુને વધુ બુલંદ અવાજે 'ભારતમાતા કી જય' બોલાવવી પડશે અને મૂળ ભાજપીઓ કરતાં વધુ વખત નરેન્દ્રભાઈનાં વખાણ કરતી માળા રટવી પડશે.

જેની શરૂઆત એમણે મોદીના હાથે ખેસ પહેરતાંની સાથે જ કરી દીધી છે. એમણે '૨૦મી ડિસેમ્બર, ૨૦૧૨ની રાહ' જોવાની જરૂર જ નથી,' એવી આગાહી કરી દીધી છે અને નરેન્દ્ર મોદીને ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીની તૈયારી કરવાની 'સલાહ' આપી દીધી છે. નરહરિ અમીનને કદાચ ખબર નથી કે મોદીને સૌથી મોટો અણગમો સામે ચડીને 'સલાહકાર' બનવા આવનારાઓ તરફ હોય છે. વળી, ૨૦૧૪ની લોકસભા લડીને મોદી કદાચ દેશનાં વડાપ્રધાન પણ બની જાય તો પણ ગુજરાતની ખાલી પડેલી મુખ્યમંત્રીની ગાદી નરહરિ અમીનને તો નહીં જ આપે, એટલું તો છ કરોડ ગુજરાતીઓ પૈકીનાં ધાવણાં બાળ પણ સમજે છે!

હવે જયારે ચૂંટણી આડા ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે તમામ બેઠકો પર ત્રણે પ્રતિસ્પર્ધી પક્ષોના નેતાઓ અને ઉમેદવારો એડી-ચોટીનું જોર લગાવી વધુમાં વધુ બેઠકો મેળવવા પ્રયાસ કરશે. 'મોદી તરફી' કહી શકાય એવું કોઈ મોજું અત્યારે ક્યાંક નજરે પડતું નથી. વળી, એમની વ્યવહાત્મક ચાલ મુજબ તેઓ હિંદુત્વનું મોજું પણ સમજી શક્યા નથી. એથી ઊલટું, ગુજરાતનાં પ્રસ્થાપિત હિંદુત્વવાદી પરિબળો અત્યારે કાં તો મૌન છે અથવા અંદરખાને ભાજપને હરાવવા સક્રિય બન્યાં છે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ જેવા સંગઠનોએ અત્યાર સુધી વેઠવી પડેલી અપમાનજનક સ્થિતિનો બદલો લેવાનું નક્કી કર્યું હોય એમ એ સંગટનોના જાણીતા ચહેરા ચૂંટણીના મેદાનમાં દેખાતા નથી. સુરતમાં મોદીની સભામાં વિક્ષેપ કરનારા કાર્યકરોને પોલીસે ઢોર માર મારી 'તેઓ ડૉ. તોગડીયાના માણસો છે' એવું નિવેદન કરાવવાનો હીન પ્રયાસ કર્યો પરંતુ કાર્યકરોએ પોતે ગુજરાત પરિવર્તન પાર્ટીના કાર્યકર્તા હોવાનું જણાવી તંત્રને અને પ્રજાને સુરતમાં જ નહીં બલકે આખા ગુજરાતમાં મોદી શાસન વિરૂધ્ધ ચેતવી દીધી છે. આ ઘટનાના પગલે હિંદુત્વનો ઝંડો લઈને ફરનારા વિશ્વ હિંદુ પરિષદ, બજરંગદળ અને ભારતીય કિસાનસંઘ જેવા સંગઠનો હવે ખુલ્લંખુલ્લાં મોદીની સામે આવી જતાં સમીકરણો બદલાઈ જવાની સંભાવના સરજાઈ છે. મામાનું ઘર કેટલે?

નરહરિ અમીન ઘણા મહત્વા કાંક્ષી નેતા છે. એમની નજર તો ગુજરાતના મુખ્યમંત્રીની ખુરશી ભણી જ મંડાયેલી રહ્યા કરી છે. ચીમનભાઈ પટેલ જેવા કુનેહબાજ પાટીદારનો રાજકીય વારસો ઓળવી લેવાનાં એમનાં હવાતિયાં નિષ્ફળ ગયાં છે.